૨૪, ડિસેમ્બર ૨૦૨૨



# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રતિનિધિઓએ ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સહીત વિવિધ મંત્રીશ્રીઓની શુભેચ્છા મુલાકાત લીધેલ...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ, માનદ્ મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયા, ખજાનચીશ્રી વિનોદભાઈ કાછડીયા તથા કારોબારી સભ્યશ્રી નિલેશભાઈ ભલાણીએ ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સહિત અન્ય કેબીનેટ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ, શ્રી મુળુભાઈ બેરા તથા રાજયકક્ષાના મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતીની ગાંધીનગર ખાતે રૂબરૂ શુભેચ્છા મુલાકાત લીધેલ.

તાજેતરમાં યોજાયેલ ગુજરાત રાજય વિધાનસભાની ચૂંટણીમાં મેળવેલ ભવ્ય જીત અને જંગી બહુમતી મેળવી માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલને ફરીવાર ગુજરાત રાજયના મુખ્યમંત્રી તરીકે પદ સંભાળવા બદલ હાર્દિક અભિનંદન આપી તેઓશ્રીની વહીવટી કુશળતા, સફળ નેતૃત્વ, નૈતિકતા અને અનુભવથી ગુજરાત રાજય ઉત્તરોતર પ્રગતિ કરે તેમજ ગુજરાત રાજયના સમૃધ્ધ ભવિષ્ય અને તેમના નવા પ્રયાસો માટે શુભેચ્છા પાઠવેલ. તેમજ આવનારા દિવસોમાં રાજયના વિકાસને વધુ વેગવંતુ બનાવવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી સહભાગી બનશે. સાથો સાથ રાજકોટ–સૌરાષ્ટ્રના વેપાર–ઉદ્યોગના વિવિધ પ્રશ્નો હજુ ઘણાં પેન્ડીગ છે તો તે અંગે ટુંક સમયમાં મિટીંગ યોજી નિરાકરણ લાવવા રાજકોટ ચેમ્બર દ્વારા રજુઆત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.